
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૮ ટકા

# શહેરના નવા મતદારો નિર્ણાયક મતદાન કરશે

**લોકસભાની ચૂંટણી નજીકમાં છે. રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશ સાથે મતદારોમાં પણ પોતાના જનપ્રતિનિધિને ચૂંટવા માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ચૂંટણીમાં પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરનાર નવા મતદારો પણ વિશેષ નિર્ણાયક પુરવાર થશે મતદાનની પવિત્ર ફરજ અદા કરવા માટે નવા મતદારો આતુર બન્યા છે. ઉગતો યુવા વર્ગ પોતાના દેશના હિત માટે સજાગ છે. એટલું જ નહી પરંતુ પ્રત્યેક મત કિંમતી છે તે વાતથી સુવિદિત પણ છે.**

ગાંધીનગર, તા.૩



**● યુવરાજસિંહ જાડેજા**

હું આ ચૂંટણી ૨૦૧૯માં પ્રથમ વખત મત આપવા જઈ રહ્યો છું. આ કારણથી હું ખૂબ ઉત્સાહિત છું કે રાષ્ટ્ર કેવી રીતે પ્રતિક્રિયા કરશે અને તે જોવું રસપ્રદ રહેશે કારણ કે આપણા પાસે એક વિશાળ રાજકીય પ્રભુત્વ છે. એક તરફ પક્ષ અને બીજી તરફ અપક્ષ. મને લાગે છે કે જો બધા નાગરિક તેમની ફરજી સમજી શકે અને મતની શકિત જાણી શકે તો આપણે શ્રેષ્ઠ સરકાર મેળવી શકીએ.



**● કાવ્યા થાનકી**

આગામી ૧૭મી લોકસભાની ચૂંટણીના પડઘમ ચોમેર સંભળાઈ રહ્યા છે ત્યારે ભ્રામક પ્રચારબાજીમાં ફસાયા વિના તટસ્થપણે, શાંત ચિત્તે વિચારી લોક તાંત્રિક વિચારધારાને વરેલા, સેવાભાવી, ઈમાનદાર ઉમેદવાર જ મારા મતાધિકારના પ્રથમ અવસરની પ્રથમ પંસદગી બને. પરિવારવાદ, જાતિવાદ, સાંપ્રદાયિકતાથી પર ઉઠીને મતાધિકારનો ઉપયોગ કરી ભારતના બંધારણે આપેલી સંસદીય લોકશાહીની સબળી કડી બનીએ.



**● કર્તવ્ય ટાટરીઆ**

હું પહેલી વખત મતદાન વિશે ખરેખર ઉત્સાહિત છું. હું મારા દેશનો નાગરિક છું મારી પાસે ચૂંટણીમાં મત આપી કોઈ એક પક્ષ અને નેતાને જીતાડવાની શકિત છે. મારો મત એક તફાવત કરશે. મને હતું કે હું વોટ આપું કે નહી પરંતુ મારા પરિવારના સભ્યોએ મને કહ્યું કે મારે આ તકને છોડવી જોઈએ નહિ.

**● મીત રાઠોડ**

હું પ્રથમ વખત મતદાન કરીશ અને હું ઈચ્છું છું કે અમારા ગામ કે શહેરમાં એ જ વ્યકિતને વોટ આપું જે સારી આવડત ધરાવતા હોય અને બનતા બનાવોને પરિણામલક્ષી બનાવી શકે દેશનો વિકાસ કરે અને દેશને આગળ વધારે દેશના લોકોની જરૂરિયાત સંતોષી શકે મારો કિંમતી વોટ હું કલ્યાણકારી અને દેશનો વિકાસ કરતી સરકારને આપીશ.



**● કેવીન કંસારા**



દેશના યુવાન તરીકે હું આજે મત આપવા જઈ રહ્યો છું ત્યારે મારા દેશના ખેડૂતોને યોગ્ય વળતર, દીકરીઓની સલામતી, ભ્રષ્ટાચાર અને ઔદ્યોગિક વિકાસ તરફ અભિગમ, સ્વચ્છતા અને શિક્ષણમાં થતા ભ્રષ્ટાચારના પ્રશ્નોનું નિવારણ આવે તેવા નેતાને હું વોટ આપીશ અને મારા દેશનું ભવિષ્ય ઉજજવળ બનાવીશ.



**● રાજશ્રી ગોહિલ**

મારા મતે મત આપવો એ દેશના યુવાન નાગરિક તરીકે મારી ફરજ છે. હું પ્રથમ વખત મતદાન કરતા પહેલા મારા દેશના ભવિષ્ય વિશે વિચારીશ હું એવા નેતાને વોટ આપીશ જે સલામતી, ભ્રષ્ટાચાર, સંસ્કૃતિનું માન, દેશના જવાનોની સુરક્ષા જેવા પ્રશ્નોનું નિરાકરણ લાવે આપણો એક વોટ દેશનું ભવિષ્ય સુધારશે આપણો કિંમતી વોટ આપણે સમજી વિચારીને આપીએ.

**● કવિત ઠક્કર**



મતદાન કરવું એ મારો અધિકાર છે જયારે હું પ્રથમ વખત મત આપીશ ત્યારે જે નેતા દેશના વિકાસમાં ફાળો આપે હજુ પણ અવિકસિત જગ્યાને સારી રીતે વિકસિત કરી શકે તે પક્ષ અને નેતાને જ હું મત આપીશ.

# સે-૩માંથી સરકારી સુમો ગાડી ચોરાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં તસ્કરો બેફામ બની ને ચોલી લુંટના ગુનાને અંજામ આપી રહ્યા છે. નગરમાં ઘરફોડ અને વાહનચોરીના કિસ્સા આંતરે દિવસે નોંધાય છે. તસ્કરો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. નાઈટ પેટ્રોલીંગ વચ્ચે તસ્કરો કળા કરી જાય છે. પાટનગર તસ્કરો માટે સોફ્ટ ટાર્ગેટ બની ગયું હોય તેમ લાગે છે. ત્યારે હવે સરકારી ગાડીઓ પણ પાટનગરમાં સલામત નથી તેને પણ તસ્કરો ચોરીને લઈ જાય છે. શહેરના સેકટર-૩ બી માં ઘર પાસે પાર્ક કરેલી સરકારી ગાડી સુમો ગોલ્ડ ગાડી ઉઠાવી રફુચક્કર થઈ ગયા છે.

પોલીસ પાસેથી મળતી વિગત શહેરના સેકટર-૩ બી પ્લોટ નં.૧૩૦૩-૨ ખાતે રહેતા કેતન મણીલાલ વાઘેલા સેકટર-૧૧ ખાતે સહયોગ સંકુલના પ્રથમ માળે આવેલી નાયબ નિયામક અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી ખાતે ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. તેઓ છેલ્લા બે વર્ષથી નાયબ નિયામક અનુસુચિત જાતિ કલ્યાણ વર્ગ-૧ ફાળવેલી ગાડી સરકારી ગાડી સુમો ગોલ્ડ નં.જી.જે.૧૮.જી.એ.-૨૭૯૫ ચલાવે છે. ગત્ તા. ૧ એપ્રિલના રોજ કેતનભાઈ પોતાના અધિકારીને ઘરે ઉતારી ને ગાડી લઈને પોતાના ઘરે ગયા હતા. રાત્રે સાડા અગીયાર વાગ્યે પાર્ક કરેલી ગાડી બીજા દિવસે સવારે સાતેક વાગ્યે જોયું તો ગાડી ગુમ હતી. બનાવને પગલે ડ્રાઈવર કેતન આ અંગે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ચાર લાખની કિંમતની સરકારી ગાડીની ચોરી અંગે ગુનોં નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

# આર્યુવેદિક કોલેજ દ્વારા ખાનગી એજન્સી સામે દંડનીય કાર્યવાહી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામની સીમમાં સ્થિત ગુજરાતની સ્ટેટ મોડલ આર્યુવેદિક કોલેજમાં ખાનગી એજન્સી હેઠળ કામ કરતા વર્ગ-૩ અને વર્ગ-૪ ના અંદાજીત ૧૨૦ કર્મચારીઓને છેલ્લા બે માસથી પગાર ચુકવાયો નથી. ત્યારે પગાર મુદ્દે કોલવડા આર્યુવેદિક કોલેજ ખાતે સોમવારના રોજ કર્મચારીઓએ હોબાળો મચાવ્યો હતો. જેને પગલે આર્યુવેદિક તંત્ર પણ જાણે રહી રહીને જાગ્યું હોય તેમ લાગી રહ્યું છે. આર્યુવેદિક કોલેજ તંત્રએ ખાનગી એજન્સી સામે લાલ આંખ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતની સ્ટેટ મોડલ આર્યુવેદિક હોસ્પિટલમાં કામ કરતા અંદાજીત વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને બે માસનો સમય થયો હોવા છતા પગાર મળ્યો નથી. ત્યારે કામ કરવા છતા પગાર ન મળતા કર્મચારીઓની હાલત કફોડી બની જવા પામી છે. જેને પગલે કર્મચારીઓએ હડતાલનું શસ્ત્ર ખાનગી એજન્સી સામે ઉગામ્યું હતું. જયારે ખાનગી એજન્સીના કર્મચારીઓએ જેમ તેમ કરીને મામલો શાંત પાડીને કર્મચારીઓને કામ લાગી જવા જણાવ્યું હતું અને હડતાલ સમેટાઈ ગઈ હતી. પરંતુ આર્યુવેદિક હોસ્પિટલના અંતરંગ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હડતાલ બાદ કર્મચારીઓને પગાર મળ્યો છે કે નહી તે જાણી શકાયુ નથી, પરંતુ આર્યુવેદિક કોલેજ તંત્ર દ્વારા સફાળા જાગીને ખાનગી એજન્સી સામે લાલ આંખ કરી છે. કોલેજ તંત્ર એ ખાનગી એજન્સીને એક માસની અવધિ આપીને સેવા સમાપ્તિની નોટીસ આપી હોવાનું કોલેજના અંતરંગ સુત્રોમાંથી જાણવા મળ્યું છે. ત્યારે આર્યુવેદિક કોલેજમાં નવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે અને આગામી સમયમાં કોઈ નવી એજન્સી કાર્યરત થશે તેવા એંધાણ હાલ જોવા મળી રહ્યા છે.

# સી.પી.જી.વાઘેલા પ્રાથમિક શાળા, કોલવડા દ્વારા ધોરણ-૮ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૩

શ્રીમતી ચંચળબા પ્રતાપસિંહજી ગોબરભા વાઘેલા પ્રાથમિક શાળા, કોલવડા, ખાતે તા.૩૦.૦૩.૨૦૧૯ ના રોજ ધોરણ-૮ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૮ તેમજ ધોરણ-૭ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સાંસ્કૃતિક કૃતિઓનું પ્રદર્શન રજૂ કર્યું હતું. ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ શાળામાં થયેલા પોતાના અનુભવોનું સાહજીક વર્ણન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષિકાશ્રી એકતાબા વાઘેલાએ કર્યુ હતું.કાર્યક્રમનાં અંતમાં આચાર્યાશ્રી નિરૂબહેન દવેએ ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ભવિષ્યમાં કારકિર્દી ઘડતર માટે સુચક વકતવ્ય આપ્યું હતું. તેમજ દિનેશભાઇ પટેલે કાર્યક્રમના સફળ સંચાલન બદલ સર્વેનો આભાર વ્યકત કર્યો હતો.

# ચોળાફળીની લારી ચલાવતા યુવકને અસામાજીત તત્વોએ માર માર્યો

**સે-૨૩ સ્વામીનારાયણ મંદિર પાસેનો બનાવ, ચોળાફળી મફત આપવાની ના પાડતા વેપારી પર હુમલો**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં અસામાજીક તત્વોનો આતંક રોજ બરોજ વધતો જાય છે. ત્યારે શહેરના સે-૨૩ સ્વામીનારાયણ મંદિર પાછળ ગ માર્ગ પર ચોળાફળીની લારી ચલાવતા યુવકને મંગળવારના રોજ બપોરે ઈન્ડીકા લઈને આવેલા લુખ્ખા તત્વોએ રૂપીયા નથી અને એક કિલો ચોળાફળી મફત આપવાનું કહ્યું હતું. પરંતુ વેપારીએ થોડી ખાવી હોય તો ખાઈ લો પણ આટલી બધી ચોળાફળી નહી મળે તેમ જણાવ્યું હતું. જેથી ઈન્ડીકા લઈને આવેલો શખ્સ ઉશ્કેરાઈને ચાલ્યો ગયો હતો. ત્યારબાદ સાંજે ઈન્ડીકા કાર લઈને યુવક અને એકટીવા પર અન્ય શખ્સ આવ્યો હતો. બંન્નેએ ચોળાફળીના લારીના વેપારીને ગડદાપાટુનો માર અને લાકડી વડે માર માર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત વેપારીને તાત્કાલીક સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો. જયાં બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૨૪ શ્રીનગર સોસાયટીમાં રહેતા સંજયકુમાર માળી નામનો યુવક સે-૨૩-૨૪ ના કટ પાસે ચોળાફળીની લારી ચલાવે છે. મંગળવારના રોજ બપોરના સુમારે એક યુવક આવ્યો હતો અને એક કિલો ચોળાફળી મફત માંગી હતી.પરંતુ વેપારીએ ચોળાફળી આપવાની ના પાડતા યુવક ચાલ્યો ગયો હતો અને સાંજે ઈન્ડીકા કાર નં.જી.જે.૧૮.બી.કે.-૨૦૨૭ તેમજ એકટીવા નં.જી.જે.૧૮.સી.કે.૪૨૭૨ના ચાલકે સંજયને ગાળાગાળી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. આસપાસમાંથી દોડી આવેલા નાગરીકોએ વેપારીને છોડાવ્યો હતો. ત્યારબાદ બંન્ને લુખ્ખા તત્વો જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી વેપારીને બેઠો માર વાગતા સિવિલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. બનાવ અંગે વેપારી સંજયે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ... ને દિકરાના દેવાથી બાપની હાલત શરમજનક બની...!!!

ગાંધીનગર, તા.૩

બાળકનો જન્મ થાય ને ત્યારથી જ અને તે પહેલાથી જ માતા પિતા તેને સફળ જોવાના સપના સેવી લે છે તે દીકરી હોય કે દીકરો. નાનાથી મોટા થતા બાળકને મોટું થાય ત્યાં સુધી સારા સંસ્કાર આપીને કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવા માટે માતા પિતા સતત પ્રયત્ન કરતા રહે છે ખાસ કરીને પિતા એવું જ ઈચ્છે કે પોતાનું બાળક પોતાના કરતા પણ બે ડગલા આગળ વધે. આવા જ એક ગાંધીનગરમાં રહેતા પરિવારની વાત છે જયાં પિતા એ પુત્રને બને તેટલી મદદરૂપ થવા પ્રયત્ન કર્યો હોવા છતાં અંતે તેમણે દયાનજક સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો છે. નિવૃત્તિના આરે ઉભેલા પિતાનું જીવન પુત્રના પરાક્રમથી દોઝખ બન્યું છે... નથી...જીવાતું કે નથી જીરવાતું... પેટે પાટા બાંધીને ઉછેરેલા સંતાન જયારે પેટ પર પાટુ મારવાની હરકત કરે ત્યારે પિતા પોતાની વેદના ઠાલવવામાં પણ લાચારી અનુભવે છે. વ્યથિત પિતાનો આવો જ એક કિસ્સો અત્રે પ્રસ્તુત છે.


આજના બદલાયેલા યુગમાં યુવાનોથી લઈ વૃધ્ધો નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં પાછીપાની કરતા નથી. આજના યુવાનોને રાતો રાત પૈસાદાર થવાના અરમાન છે અને ઓછી મહેનતે વધુ પૈસા કમાવવાની નીતિ. જયારે મહેનત કરવાની વાત આવે તો કાંતો તેઓ છટકી જાય છે કાં તો થાકી જાય છે. મોજ-શોખનો ભોગ બનેલા ગાંધીનગરના યુવાનની જ વાત છે કે જેણે નવો ધંધો શરુ કરવા માટે અમુક પૈસાની લોન લીધી અને પ્રોપર્ટી પણ વસાવી પરંતુ પોતાનું કામ પુરી નીયતથી કરી ન શકતા મોજશોખમાં પૈસા વાપરીને પોતે લીધેલી લોન ભરી ન શકતા પરિવાર માટે મુશ્કેલી સર્જી. કહેવાય છે ને કે મુશ્કેલીમાં પોતાના જ કામ આવે તેમ પિતા જે સરકારમાં વર્ગ-૪ની નોકરી કરે છે કે જેઓ હવે વૃધ્ધાવસ્થાને આરે છે તેમણે આજે આ ઢળતી ઉંમરે પુત્રના આ કામને છુપાવવા તેની લોન ભરપાઈ કરવાનો વારો આવ્યો ઓછામાં પુરું પુત્રના પરિવારને પણ તેમણે જ સાચવવા પડે છે. વારેઘડીએ લોન વસુલાતના માણસો ઘરે આવતા જતા હોવાથી પુત્ર તો ઘરે પણ નથી હોતો. આ દુઃખ પિતા અને પરિવારના સભ્યોએ વેઠવું પડે છે. પિતાએ જેટલા પૈસા હતા તેમાંથી થોડી મદદ તો કરી પરંતુ હતી પણ પુત્ર ન સુધરતા પિતા હવે દરીકે રીતે પડી ભાંગ્યા છે આ ઢળતી ઉંમરે શાંતિથી જીવવાની જગ્યાએ દેવાદારોના મહેણા-ટહોણાં સાંભળવા પડે એવા ખૂબ જ દર્દનાક અને દયનીય દૌરમાંથી પસાર થતા વૃધ્ધની વેદના આંખો ભીની કરી દે તેવી છે.

સમજવા જેવું છે કે આજકાલના યુવાનો પોતાના ઘર પરીવારની ચિંતા કર્યા વગર પોતાના મોજશોખ પાછળ જ પૈસા ખર્ચી નાંખે છે. સોશિયલ મિડીયા પર જોયેલી એક-બે પોસ્ટ જે તેના માનસ પટ પર ઘર કરી જાય છે બીજા એ આ પ્રવૃત્તિ કરી તો હું પણ કેમ નહિ. આ ઈર્ષ્યામાં તે પોતાના પરિવારને જાણતા અજાણતા દુવિધામાં નાંખી દે છે. આતો એવું કહેવાય કે, જેના પર વીતે તેને વધુ સમજાય.

# ફેકલ્ટી ઓફ એજયુકેશનમાં વાર્ષિક શુભેચ્છા સમારંભ યોજાયો









ગાંધીનગર, તા.૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ. કોલેજ તેમજ વકીલ શ્રી ડી.એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન સે-૨૩ ગાંધીનગરની કોલેજોમાં પ્રો. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ૨જી એપ્રિલ ૨૦૧૯ના રોજ ભાવિ શિક્ષકોના ઉજ્જવળ ભવિષ્યના હેતુથી આર્શીવચન માટે શુભેચ્છા સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં વર્ષભરની શૈક્ષણિક સફરના ચિતાર સમા દર્પણ અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, ગાંધીનગરના વાર્ષિક અંક 'શબ્દાંકન'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

શુભેચ્છા સમારંભના આરંભે એચ.ઓ.ડી. ડૉ. કુસુમબેન યાદવે મહેમાનશ્રીઓનો શાબ્દિક પરિચય આપી ફેકલ્ટી ઓફ એજયુકેશનમાં વર્ષ દરમિયાન થયેલી વિશિષ્ટ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. ત્યારબાદ કોલેજના તાલીમાર્થીનીઓ ખ્યાતિ પ્રજાપતિ અને સારા ચૌહાણે પોતાના પ્રતિભાવો આપ્યા હતા. ચાલુ વર્ષે એન.ઈ.ટી./જીએસએલઈટીની પરીક્ષા ઉત્તીર્ણ કરનાર અધ્યાપક નરેન્દ્રભાઈ નાયી અને અજયભાઈ રાવલનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૬-૧૮ દરમિયાન કોલેજમાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને પૂજય છગનભા મેડલ અને સર્ટીફીકેટ તેમજ મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળમાં વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને મેડલ તેમજ સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શુભેચ્છા સમારંભમાં ખાસ ઉપસ્થિત રહેલા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસીડેન્ટ વલ્લભાઈ એમ. પટેલે કલાસરૂમમાં કઈ રીતે જીવંત વાતાવરણ ઉભું કરવું જોઈએ તેનું માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓનું શિક્ષણ આનંદદાયી બની રહે તેવી પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન જાણીતા શિક્ષણવિદ અને ગાંધીનગર જિલ્લાના શિક્ષણ અધિકારી ડૉ. ભરતભાઈ વાઢેરે શાળામાં વિદ્યાર્થી સરળતાથી શિક્ષક પાસે જઈને પોતાની સમસ્યા જણાવી શકે તેવું વાતાવરણ ઉભું કરવું જોઈએ તેમ જણાવ્યું હતું જયારે સેન્ટ્રલ યુનિવર્સિટી (ડીન, સ્કૂલ ઓફ એજયુકેશન) ગાંધીનગરમાંથી ઉપસ્થિત રહેલા ડૉ. એચ.બી. પટેલે વિદ્યાર્થીની સમસ્યા પૂછવાથી શિક્ષકની સમસ્યા પણ હલ થઈ શકે છે એમ કહ્યું હતું. આ કાર્યક્રમમાં કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર.જે. વ્યાસ, શાળા કોલેજના આચાર્યશ્રીઓ, વાલીઓ અને ભૂતપૂર્વ તાલીમાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓએ સંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કર્યું હતું. કાર્યક્રમનો અંતે ડૉ. જિજ્ઞાસાબેન જોશીએ સંસ્થા પરિવાર વતી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નેહાબેન જહા તેમજ વિદ્યાર્થીની રુચા જાનીએ કર્યું હતું.

## ઝુલેલાલ સાંઈ મંદિરમાં છઠ્ઠીએ ચેટીચાંદ ઉજવાશે

ગાંધીનગર, તા.૩

ચેટીચાંદ પર્વ તા. ૬ઠ્ઠી એપ્રિલના રોજ ઉજવવામાં આવનાર છે. સવારે સાડા દસ વાગે પુજ બહિરાણે સાહિબ જી કી જયોત પ્રગટાવવામાં આવશે. સવારે અગિયાર વાગે ભજન કીર્તન અને ભગવાન શ્રી ઝુલેલાલ સાંઈના પંજિડાનો કાર્યક્રમ યોજાશે. બપોરે દોઢ કલાકે ભંડારો (લંગર) શરુ કરવામાં આવશે. ચેટી ચાંદના ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા પ્રમુખ સિન્ધી પંચાયત ગાંધીનગરે જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. મગનલાલ શંકરલાલ રાવલ, ઉ.વ. ૭૫
- સ્વ. રઘુભાઈ અરજણભાઈ રબારી, ઉ.વ. ૭૫
- સ્વ. પ્રશાંતકુમાર બળદેવભાઈ પુરાણી, ઉ.વ. ૨૭